Letter No: ED/0642/04/2024 Dt: 29-04-2024

પેન્શન કેસ સમયમર્યાદામાં તૈયાર કરવા બાબત

- 3 MAY 2024
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ,

**પરિપત્ર ક્રમાંક:** ED/MRT/e-file/3/2024/1970/G-2 Secondary Education

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૪/૨૦૨૪

<u>વંચાણે લીધા :-</u>

(૧) ના.વિ. નો તા.૩/૩/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક : ડીપીપી/૨૦૦૬/ડી-૨૦૧/પી

(૨) ના.વિ. નો તા.૦૫/૧૨/૨૦૧૧ નો પરિપત્ર ક્રમાંક: પશન/૧૦૨૦૧૦/ઓ/૧૬૬/પી

<u>આમુખ :-</u>

ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ ના નિયમ -૧૨૮(૧) મુજબ નિવૃત થનાર અધિકારીશ્રી/કર્મચારીઓના પેન્શન કેસ નિવૃત્તિના ૨૪ માસ પહેલા તૈયાર કરવાનો રહે છે. પરંતુ વિભાગ હેઠળની ક્ષેત્રીય કચેરીઓ દ્વારા નિયત સમયમર્યાદામાં પૂરતા પેપર્સ /કેસ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને રજૂ કરવામાં આવતાં નથી. જેના કારણે વિભાગ હેઠળના શિક્ષકો અને કર્મચારીઓના પેન્શન સમયસર શરૂ થઈ શકતા નથી. જેના કારણે શિક્ષકો, કર્મચારીઓની ઘણી બધી રજુઆતો ખાતાના વડાની કચેરી તેમજ વિભાગ કક્ષાએ કરવામાં આવે છે.

આથી ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો -૨૦૦૨ ના નીચે મુજબના નિયમોનું પાલન કરવા તથા વિભાગ હેઠળ ફરજ બજાવતા સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા કર્મચારીઓના પેન્શન કેસ સમયસર રજુ થાય તે માટે આ સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

<u>પરિપત્ર :-</u>

ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો -૨૦૦૨ ના નિયમ ૧૨૮ મુજબ સરકારી કર્મચારીના પેન્શનના કાગળોની પ્રક્રિયા અંગેનું સમય પત્રક નીચે મુજબ છે.

1. પેન્શન મંજૂર કરનાર અધિકારીએ, સરકારી કર્મચારીઓના વયનિવૃત્તિની તારીખથી ચોવીસ માસ અગાઉ પેન્શનના કાગળો તૈયાર કરવાની કાર્યવાહીની શરૂઆત કરવાની રહેશે. નોકરી દરમિયાન સરકારી કર્મચારીના અવસાનના અથવા વયનિવૃત્તિ પહેલાં નિવૃત્તિના કિસ્સામાં, કર્મચારીના અવસાનની અથવા તેના વયનિવૃત્તિ પહેલાં નિવૃત્તિની જાણ થતાં આ કાર્યવાહીની તાત્કાલિક શરૂઆત કરવાની રહેશે.
2. નિવૃત્તિની તારીખથી બાર માસ અગાઉ પેન્શનના કાગળો, નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાના રહેશે.
3. સરકારી કર્મચારીની ખરેખર નિવૃત્તિની તારીખથી છ માસ અગાઉ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર પેન્શન ચૂકવણી હુકમ અને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીનો ચૂકવણી હુકમ જારી કરવામાં આવે તે સુનિશ્ચિત કરશે અને સંબંધિત તિજોરી અધિકારીને તે મોકલી આપશે.

ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો -૨૦૦૨ ના નિયમ ૧૨૮ મુજબ રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા કર્મચારીના પેન્શનના કાગળો તૈયાર કરવાના રહેશે.

વધુમાં, ખાતાકીય તપાસના કિસ્સામાં નિયમ ૨૩,૨૪ હેઠળ વયનિવૃત્તિના કિસ્સાઓમાં ગુજરાત મૂલ્કી સેવા (પેન્શન) નિયમો-૨૦૦૨ ની જોગવાઈઓ મુજબ નિયમોનુસાર મળવાપાત્ર કામચલાઉ પેન્શન તેમજ ગ્રેજ્યુઈટીના આદેશો સમયસર થાય તે અંગે પણ તકેદારી રાખવા આથી જણાવવામાં આવે છે.

નિયામકશ્રી, શાળાઓની કચેરીને પેન્શનના કેસોનું સમયસર તેમજ રાજ્ય સરકારના નિયમો અનુસાર નિકાલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તે અંગેની નિયમિત રીતે સમીક્ષા કરવાની રહેશે. તેમજ તાબા હેઠળની કચેરીઓ તરફથી બિનજરૂરી વિલંબ અથવા ખોટા અર્થઘટનના કિસ્સાઓ ઉપર અંકુશ રાખવા માટે જરૂરી તકેદારી રાખવાની રહેશે.

ઉપર મુજબની સુચનાઓનું પાલન ન થવાના કારણે ભવિષ્યમાં જો કોઈ કિસ્સામાં વિલંબ માટે વ્યાજ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત ખાતાના વડા/કચેરીના વડાની રહેશે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.જી.ચૌધરી)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

Signature valid
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2024.04.29 13:43:38 +05:30

File No: ED/MRT/e-file/3/2024/1970/G-2 Secondary Education
Approved By: Secretary,ED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Letter No: ED/0642/04/2024 Dt: 29-04-2024

પ્રતિ,

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર -૧૯ , ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, વીમા અને લેખા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, વીમા અને લેખા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- શિક્ષણ વિભાગની તમામ શાખાઓ (આઈ. ટી. શાખા)
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણાં વિભાગની વેબ સાઈટ પર મૂકવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ, ૨૦૨૪

Signature valid
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2024.04.29 13:43:38 +05:30

File No: ED/MRT/e-file/3/2024/1970/G-2 Secondary Education
Approved By: Secretary,ED

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*